ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૪૩ ટકા

# આજે શહેરમાં વિવિધ શુભ કાર્યો આરંભાશે



## વસંતપંચમી કોઈ પણ નવું કાર્ય શરૂ કરવા માટેનો શ્રેષ્ઠ દિવસ

ગાંધીનગર, તા.૧૫

ઋતુરાજ વસંતનુ આગમન એટલે વસંતપંચમી. આજના દિવસે ભગવાન વિષ્ણુની પૂજા તથા અન્ય દેવ મંદિરોમાં ઈષ્ટદેવોની પૂજા સાથે મા સરસ્વતીની ખાસ પૂજા થાય છે. મહાસુદ પાંચમ વસંતપંચમી એ પતિ-પત્નિનું મહાપર્વ કહેવાય છે. આ દિવસે ખાસ કરીને શુભ પ્રસંગો કે શુભકાર્યો યોજાતા હોય છે. બ્રાહ્મણો વસંતપંચમીને શુભકાર્યો માટેનું વણજોયું મુર્હુત કહે છે. આજના દિવસે આ વર્ષના શુભ પ્રસંગોનું આ પ્રથમ મુર્હુત છે. વસંતઋતુ એટલે સૃષ્ટિની નવચેતના. કહેવાય છે કે વસંતના પગલા મંડાય એટલે દેવ મંદિરોમાં અને સમગ્ર પૃથ્વી પર નવું ચેતન આવે છે. આ ઋતુમાં વૃક્ષો અને વનસ્પતિમાં નવું ચેતન ઉભરાય છે. લીલા પર્ણો ફુટે છે. નવા ફુલ ખીલે છે. ડાળીએ ડાળીએ નવું જીવન રેડાય છે. પંચમ સ્વર, રૂપ, રસ, રંગ અને સુગંધની આ દિવસે રંગત જામે છે.

વસંતઋતુનું આગમન એટલે ખીલવું. શહેરમાં અનેક જગ્યાએ નવા ફુલ ખીલ્યા છે. મા સરસ્વતીની પુજા કરવાનું પણ આ દિવસે ખુબ જ મહત્વ છે. નાના બાળકો આજના દિવસે મા સરસ્વતીની પુજા કરે તો તેના જીભમાં સરસ્વતી વસે તેમ કહેવાય છે. શહેરમાં આજે વસંતપંચમીના વણજોયા મુર્હુતને લઈને ઘણા શુભ પ્રસંગો યોજાનાર છે. સગાઈ, લગ્ન કરવા માટેનો આ શ્રેષ્ઠ દિવસ કહેવાય છે. કોઈ પણ નવું કાર્ય શરૂ કરવા માટે પણ આ દિવસને શુભ ગણાય છે.


સ્વાસ્થ્યની દષ્ટિએ આ ઋતુ ખુબ જ શીતળ છે. આ દિવસે વહેલી સવારે ધ્યાન કરવાથી મનમાં પ્રસન્નતા અને શરીરમાં સ્ફૂર્તિ પેદા થાય છે. ઘણા કવિઓએ આ ઋતુમાં જ પોતાની કવિતાને આભા આપી છે. આ દિવસે ઘણી શાળાઓમાં સરસ્વતી માની પૂજા થાય છે અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને વિદ્યાનું મહત્વ સમજાવી આગળ ભણવાની પ્રેરણા અપાય છે.

### આજથી સળંગ ત્રણ દિવસ જયોતિષ દીદી સરસ્વતી યંત્રનું નિઃશુલ્ક વિતરણ કરશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં ઘણા વર્ષોથી જયોતિષ ક્ષેત્રે કાર્યરત અને જયોતિષ દીદી તરીકે ઓળખાતા કુંપલ દવે દ્વારા વસંતપંચમીના શુભ અવસરે નિઃશુલ્ક સરસ્વતી યંત્ર વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. મર્યાદિત સંખ્યામાં ઉપલબ્ધ સરસ્વતી યંત્રો લાભાર્થીઓને તા. ૧૬મી ફેબ્રુઆરીથી તા. ૧૮મી ફેબ્રુઆરી દરમિયાન ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં ધોળેશ્વર મહાદેવ પાસેની સત્યમેવ રીવેરા સોસાયટી ખાતેના તેમના નિવાસસ્થોથી વહેલા તે પહેલાના ધોરણે વિના મૂલ્યે મેળવી શકાશે. જેનો લાભ લેવા કુંપલ દવેએ વિદ્યાર્થીઓ સહિત જાહેર જનતાને અનુરોધ કર્યો છે.

### બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ખાતે એનએસએસ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૫

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી નેશનલ સર્વિસ સ્કીમની જાણકારીના વિષય પર વેબીનાર યોજવામાં આવ્યો હતો. જેના નિષ્ણાંત હતા ડૉક્ટર વિકાસ અગરવાલ (શારીરિક શિક્ષણ ના ડિરેક્ટર). વેબિનારમાં ૭૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ઈ-લર્નિગ ના માધ્યમ થી કોલેજ ના વિદ્યાર્થઓના જ્ઞાનમાં વધારો કરવા બદલ કેમ્પસના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિ કુમાર અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કિંજલ અધવર્યુ તથા સમગ્ર સ્ટાફે પ્રો. નિલેશ પટેલ અને કોલેજ ના એનએસએશ સાથે જોડાયેલા તમામ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

## સચિવાલય ખાતે આંતર વિભાગીય વકતૃત્વ સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા.૧૫

કલ્યાણ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે સચિવાલયમાં ફરજ બજાવતા અધિકારીઓ/ કર્મચારીઓને પ્રોત્સાહન મળી રહે તે માટે વિવિધ આંતર વિભાગીય રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે આંતર વિભાગીય વકતૃત્વ સ્પર્ધા,૨૦૨૦-૨૧નું આયોજન તાજેતરમાં સચિવાલય, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં નિર્ણાયકો તરીકે પુલક ત્રિવેદી, સચિવશ્રી, પ્રેસ અકાદમી અને અધિક માહિતી નિયામકશ્રી અને કલ્પેશ ભટ્ટ, નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગએ સેવા આપી હતી.

આ સ્પર્ધામાં સચિવાલયના વિવિધ વિભાગોના કુલ ૮(આઠ) જેટલા સ્પર્ધકો હાજર રહ્યા હતા. આંતર વિભાગીય વકતૃત્વ સ્પર્ધા,૨૦૨૦-૨૧માં હેટ સ્પીચ અને સેટ સ્પીચનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધાનું સંચાલન સચિવાલય કલ્યાણ સમિતિ(કલ્યાણ શાખા) દ્વારા કરવામાં આવેલ હતું. આ સ્પર્ધાના સફળ આયોજન માટે કમલ દયાની, આઈ.એ.એસ., અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગનું માર્ગદર્શન મળેલ હતું.

આ સ્પર્ધામાં સેટ સ્પીચમાં રીદ્ધી એન.ગુપ્તે, લલીત ડી.પરમાર, અરવિંદ એ. પ્રજાપતિ અને હેટ સ્પીચમાં રીદ્ધી એન.ગુપ્તે, કીર્તીબેન અરવિંદભાઈ ચૌહાણ અને અરવિંદ એ. પ્રજાપતિ વિજેતા રહ્યા હતા.

## સાયન્સ કોલેજ દ્વારા પ્લાસ્ટિક ફ્રી પ્લોગીંગ કાર્યક્રમ યોજાયો






ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજના એનએસએસ, નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અને મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુકત ઉપક્રમે તા. ૧૪મી ફેબ્રુઆરીના રોજ પ્લાસ્ટિક ફ્રી પ્લોગીંગ રન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ફીઝીકલ કસરત કરાવ્યા બાદ સેકટર-૨૧ની આસપાસના સ્વયંસેવકો સહિત અનેક સ્વૈચ્છિક સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ તરપદા તથા નિસર્ગ સાયન્સ સેન્ટરના ડૉ. અનિલ પટેલના નેતૃત્વ હઠળ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મનપાના એ.એસ.આઈ. સંદીપભાઈ ગોહિલ, અર્થ ફાઉન્ડેશનના તરૂણભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.




લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ગાંધીનગર દ્વારા કોરોના મહામારી સમયે ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી બદલ લાયન્સ કલબ ઈન્ટરનેશનલના ઝોન ચેરપર્સન સુનિલ ત્રિવેદીનું સન્માન મેયર રીટાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઘોંઘાટ કરતા બાઈકચાલકો પર ટ્રાફિક પોલીસની તવાઈ

### ૩૮ વાહનચાલકો પર ધ્વનિ પ્રદુષણ સહિત અન્ય નિયમોના ભંગ બદલ રૂપિયા એક હજારનો દંડ પણ ફટકારવામાં આવ્યો






ગાંધીનગર, તા.૧૫

પોતાની બાઈકને મોડીફાઈડ કરી ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા બાઈકચાલકો પર ગાંધીનગર શહેર ટ્રાફિક પોલીસ દ્વારા કાર્યવાહી શરૂ કરી મોડીફાઈડ કરેલા ૨૫ જેટલાં મોંઘા બાઈક જપ્ત કરવામાં આવ્યા છે. આ સાથે ૩૮ વાહનચાલકો પર ધ્વનિ પ્રદુષણ સહિત અન્ય નિયમોના ભંગ બદલ રૂપિયા એક હજારનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. ડિટેઈન કરાયેલા ૨૫ બાઈક પૈકી ૨૦ તો બુલેટ બાઈક છે.

તાજેતરમાં ગોધરાના એડવોકેટ રમજાન ઝુઝારાએ રાજયના વાહન વ્યવહાર મંત્રી આર. સી. ફળદુને ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા આવાં બાઈકચાલકો દ્વારા સાયલેન્સર કાઢી મોટો અવાજ થાય તેવી રીતે બાઈકને મોડીફાઈડ કરી લોકોમાં ભય ઉભો થાય તેવી ભયજનક રીતે બાઈક ચલાવતા હોવાની રજૂઆત કરવામાં આવી હતી જેનાં પગલે વાહન વ્યવહાર મંત્રીએ ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાને પત્ર લખીને આ રીતે માર્ગો પર બેફામ ગતિએ દોડતાં બાઈક ચાલકો સામે આકરી કાર્યવાહી કરવા ભલામણ કરી હતી. ગૃહ રાજ્યમંત્રીના આદેશ બાદ ગાંધીનગર ટ્રાફિક પોલીસ હરકતમાં આવી ગઈ અને શહેરનાં મુખ્ય પ્રવેશદ્વાર સહિતનાં માર્ગો પર સરપ્રાઈઝ ચેકીંગ હાથધરી ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા બાઈકચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ બાબતે પ્રાપ્ત વિગતો અનુસાર મોટાભાગના બાઈક સવારો અન્ય નાગરિકોનું ધ્યાન પોતાના તરફ આકર્ષિત કરવા માટે બાઈકના ઓરિજિનલ સાયલેન્સરને મોડીફાઈડ કરીને મોટો અવાજ પેદા થાય તેવું બનાવતા હોય છે જેના ઘોંઘાટથી અન્ય વાહન ચાલકો હેરાન થવાની સાથે ક્યારેક અકસ્માત કરી બેસે છે. ગાંધીનગરનાં રિલાયન્સ ચાર રસ્તા, સેન્ટ્રલ વિસ્ટા અને જ રોડ પર ખાસ કાર્યવાહી કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૧૯૪ (એફ) કલમ મુજબ મોડીફાઈડ કરેલા ૨૫ બાઈકને ડિટેઈન કરવામાં આવ્યા છે અને ૩૮ વાહન ચાલકોને રૂ.૧ હજાર દંડ ફટકારવામાં આવ્યો છે. આગામી દિવસોમાં ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા બાઈકચાલકો સામે વધુ કડક ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

## બીસીએ કોલેજમાં '૩૬૦ Degree ડેવલોપમેન્ટ' કાઉન્સીલીંગ સત્ર યોજાયું

ગાંધીનગર, તા.૧૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલયની કન્સટીટ્યુઅન્ટ કોલેજ બી.પી. કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ અને એસ. વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ – બી સી એ, ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓના ૩૬૦ ડિગ્રી ડેવલોપમેન્ટ માટે ઓનલાઈન કાઉન્સીલીંગ-પરામર્શ સેશન યોજવામાં આવ્યા હતા અને વિદ્યાર્થી જીવન દરમિયાન ઉપયોગી એવા વિવિધ મુદ્દાઓની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી.

વુમન ડેવલોપમેન્ટ સેલ અંતર્ગત આ સેલના કો-ઓર્ડિનેટર્સ પ્રાધ્યાપક પ્રો.જૈમિની કુલકર્ણી અને પ્રો.મોનિકા પટેલે વિદ્યાર્થિનીઓને પોતાના જીવનના ધ્યેય અને એ ધ્યેય કેવી રીતે હાંસલ કરી શકાય? સરકારશ્રીની સ્ત્રીઓ માટેની વિવિધ યોજનાઓ વિષે અને પોતાના અને હક્કો વિષે અત્યંત ઊંડાણ પૂર્વક માહિતી આપી હતી. તેમજ યુનિવર્સીટી લેવલે આખા શૈક્ષણિક વર્ષ દરમ્યાન WDC દ્વારા યોજાનાર કાર્યક્રમ અંગે પણ માહિતી આપવામાં આવી હતી. નોલેજ એન્ડ કરિયર ડેવેલોપમેંટ સેલ અંતર્ગત ડો.અભિજીતસિંહ જાડેજાએ આઈ.ટી. ક્ષેત્રે ઉપયોગી પ્રોફેસનલ માહિતી આપી હતી જેમાં કમ્યુનિકેશન, પ્રોફેશનલ કલ્ચર, ડ્રેસિંગ સેન્સ(પ્રોફેશનલ ડ્રેસ કોડ) અને ભવિષ્યમાં આઈ.ટી. ક્ષેત્રે આવનારી તકોનો સમાવેશ કર્યો હતો.

કાઉન્સીલીંગ સેશન વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર રૂપેશ વ્યાસે જણાવ્યુ હતું કે આ સ્પર્ધાત્મક વાતાવરણમાં વિદ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય ઘડી શકે અને આઈ.ટી. ક્ષેત્રે નામાંકિત કંપનીઓમાં એટીટ્યુડ, એપ્ટિટ્યૂડ અને ઓર્ગેનાઈઝેશનલ બિહેવિયર જેવી બાબતો પર પ્રભુત્વ મેળવે તે અતિ આવશ્યક છે. આવા ઘડતરથી વિદ્યાર્થીઓ પોતાનો ધંધો કરીને કે ઉચ્ચ નોકરીઓમાં જોડાઈને પોતાનું, પોતાના પરિવારનું અને સંસ્થાનું નામ રોશન કરી શકે તેવો નમ્ર પ્રયાસ સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ બંને કાઉન્સીલીંગ સેશનમાં કોલેજના પ્રથમ વર્ષના ૩૫૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

## રાધે-રાધે પરીવારે ૨૧ દિકરીઓના વધામણાં કરી તેમને સન્માનિત કરી





ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના રાધે-રાધે પરીવાર દ્વારા અન્નપૂર્ણા વિલેજ હેરીટેજ રેસ્ટોરન્ટ ખાતે 'દિકરીઓના વધામણાં' કાર્યક્રમ યોજી માતા અથવા પિતાનો આશરો ગુમાવનાર દિકરીઓનું પૂજન કરીને સન્માનિત કરવામાં આવી હતી.

રાધે-રાધે પરીવારના યુવાનોએ સમગ્ર કાર્યક્રમમાં કુલ ૨૧ દિકરીઓના ભારતીય સંસ્કૃતિની પ્રણાલી મુજબ પંચામૃતથી ચરણ પખાળવામાં આવ્યા અને સાથે સાથે કપાળમાં કુમકુમ તિલક કરી, તેમની આરતી ઉતારી, પૂજા અર્ચના કરીને બધીજ દિકરીઓને કાંસાની થાળીમાં અન્નપૂર્ણા વિલેજનું પાકું સ્વાદિષ્ટ ભોજન કરાવવામાં આવ્યું હતું. આ પછી દરેક દિકરીઓને રોટી મેકર ઈલેક્ટ્રોનિક મશિન, થાળી - વાટકી, ચમચી, ગ્લાસ એમ ફુલ સેટ, સોપારી, ચાંલ્લા, નેઈલ પોલિશ, માથામાં નાખવાની પીન અને રીંગ, બોળીયું, અને એક ભેટ સ્વરૂપે કવર આપી સન્માનિત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, સે.૨ના સ્વામીનારાયણ મંદિરના પી.પી.સ્વામી, શહેર ભાજપ મંત્રી જીગ્નેશભાઈ ઠક્કર, પારૂલબેન અત્તરવાલા, પ્રાધ્યાપક અંજનાબેન પટેલ તથા સ્થાનિક કોર્પોરેટર્સ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

## જન્મદિને વધામણી



કૈરવ દેસાઈ



યશ્વી પટેલ




અમૃતા કર્ણવ દવે



બેંકર ધર્મ કલમેશ
મો. ૮૮૪૮૪ ૧૦૧૦૯



ધર્મેશજી ઠાકોર



મનીષા જોષી
(પક્ષી બચાવ/સરંક્ષણ)
મો. ૯૮૨૪૨ ૫૬૪૧૦



રૂદ્રદત્તસિંહ બિહોલા



શિવાંશી જતીન ઓઝા

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. રાઠોડ ધર્મેન્દ્રભાઈ હીરાભાઈ
  ઉ.વ. ૪૪, પેથાપુર
- સ્વ. પરમાર ચંચળબેન સોમાભાઈ
  ઉ.વ. ૭૬, પ્રાંતિયા
- સ્વ. ઝા તારાદેવી સિવન
  ઉ.વ. ૯૭, મોટી શિહોલી

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. આદેશરા શારદાબેન જયંતિલાલ
  ઉ.વ. ૭૩, અડાલજ, ત્રિમંદિર